**રાજયમાં પરિવહન સત્તામંડળની અમુક સત્તાઓ આરટીઓને સોંપવા બાબત.**

## <u>પ રિ પ ત્ર.</u>

વાહનવ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં.-૬, ૨/૩ માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજય,
પરિપત્ર ક્રમાંક :એમવીપી/એસટીએ-૪૮/સત્તાસોંપણી/ ૫૬૮૧
તારીખ. ૧૯/૧૨/૧૦

<u>વંચાણે લીધા:-</u>

(૧) રાજય પરિવહન સત્તામંડળનો તા.૨૨-૨-૮૯ ના રોજ નો ઠરાવ.

(૨) રાજય પરિવહન સત્તામંડળની તા.૪-૧૧-૨૦૧૦ ના રોજ મળેલ રાજય વાહન વ્યવહાર સત્તામંડળની ૪૮ મી બેઠકની કાર્યનોંધ.

(૩) ગુજરાત મોટર વ્હીકલ્સ રૂલ્સ, ૧૯૮૯ નો નિયમ-૬૫.

- **<u>આ મુ ખ.</u>**

૧. મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની કલમ-૬૮ માં રાજય પરિવહન સત્તામંડળ (એસટીએ) અને સ્થાનિક પરિવહન સત્તામંડળ (આરટીએ) ની રચના કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. આ સત્તામંડળોની કાર્યરીતીના નિયમો ગુજરાત મોટર વ્હીકલ્સ રૂલ્સ,૧૯૮૯ નાં નિયમ-૬૨,૬૩ અને ૬૪ માં કરવામાં આવેલ છે. નિયમ-૬૫ માં એસટીએનાં તથા નિયમ-૬૬ માં એસટીએની અમુક સત્તાઓનું ડેલીગેશન કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

૨. હાલમાં વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે મોટરીંગ પબ્લીકને ઓલ ઈન્ડીયા પરમીટ મેળવવા માટે તથા અન્ય રાજયની પરમીટ કાઉન્ટર સાઇન માટેની કામગીરી કરાવવા આવવું પડતુ હોય છે. આ કામગીરી જે તે જીલ્લામાં કરવામાં આવે તો અરજદારો સહેલાઇથી પોતાનું કામ કરાવી શકશે અને દુર સુધી ધકકા ખાવાની જરુર પડશે નહીં. અગાઉ ગુડઝ વાહનોમાં નેશનલ પરમીટ આ કચેરીએથી આપવામાં આવતી જે સત્તા વિકેન્દ્રીકરણ કરી જે તે આરટીઓ/એઆરટીઓ કચેરીમાં આપવામાં આવતા અરજદારોને ખુબ રાહત થયેલ.

૩. આ બાબતની કાળજીપુર્વકની પુખ્ત વિચારણા કરી ગુજરાત મોટર વ્હીકલ્સ રૂલ્સ,૧૯૮૯ ના નિયમ-૬૫ માં મળેલી સત્તાની રૂએ રાજય પરિવહન સત્તામંડળે તા.૪-૧૧-૧૦ ના રોજ મળેલી ૪૮ મી બેઠકમાં પોતાનાં તા.૨૨-૨-૮૯ નાં ઠરાવમાં સુધારો કરતો ઠરાવ (વંચાણે લીધા-૨- પરિશિષ્ટ-૧ થી ઠરાવની નકલ સામેલ છે) પસાર કરી રાજય પરિવહન સત્તામંડળની અમુક સત્તાઓ જાહેર હિત અને વહીવટી અનુકુળતા લક્ષમાં રાખી આરટીઓને સોંપવાનું ઠરાવેલ છે. જે અન્વયે આ સૂચના આપવામાં આવે છે.

- **<u>સૂચનાઓ.</u>**

૧. રાજય પરિવહન સત્તામંડળના આ ઠરાવ અન્વયે હાલના તબકકે નીચે પ્રમાણેની કામગીરી કરવાની સત્તા તા.૧-૪-૨૦૧૧ થી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીઓને સોંપવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

**(એ) <u>ઓલ ઈન્ડીયા ટુરીસ્ટ પરમીટ સંબંધીત કામગીરી.</u>**

- ઓલ ઈન્ડીયા ટુરીસ્ટ પરમીટ આપવી/રીન્યુ કરવી.
- ઓલ ઈન્ડીયા ટુરીસ્ટ પરમીટ માટે ઓથોરાઇઝેશન કરી આપવું.

(બી) **પારસ્પરિક વા.વ્ય.કરાર હેઠળ ગુડઝ વાહનો સંબંધમાં કાઉન્ટર સહીની કામગીરી.**

- પરરાજયના ગુડઝ વાહનો સંબંધમાં ગુજરાત રાજયની કાઉન્ટર સહી કરી આપવી.
- ગુજરાત રાજયના ગુડઝ વાહનો સંબંધમાં પરરાજયની કાઉન્ટર સહી કરવા જે તે રાજયની ટ્રાન્સપોર્ટ ઓથોરીટી પર ભલામણ પત્ર લખી આપવો.

આ કામગીરીઓ કરવા બાબતે નીચે પ્રમાણે સુચનાઓ આપવામાં આવે છે.

(એ) **ઓલ ઈન્ડીયા ટુરીસ્ટ પરમીટ આપવા /રીન્યુ કરવા તેમજ ઓથોરાઈઝેશન આપવા બાબત.**

હાલમાં ઓલ ઈન્ડીયા ટુરીસ્ટ પરમીટ આપવા/ રીન્યુ કરવા તેમજ ઓથોરાઈઝેશન આપવા અંગેની કાર્યવાહી વાહન વ્યવહાર કમિશ્નર કચેરી, ગાંધીનગર ખાતે કરવામાં આવે છે. તા.૧-૪-૨૦૧૧ થી આ કામગીરી પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીઓમાંથી આપવામાં આવશે. જેથી અરજદારોએ આ પરમીટ મેળવવા નિયમોનુસાર જે તે આરટીઓ કચેરી ખાતે અરજી કરવાની રહેશે. આ કામગીરી કરવા માટેની નિયમોની જોગવાઈ, નોંધના નમૂના અનુક્રમે પરિશિષ્ટ-૨,૩ અને ૪ થી સામેલ છે.

(બી) **પરમીટ કાઉન્ટર સાઈન કરવા બાબત.**

પારસ્પરિક વાહન વ્યવહાર કરાર હેઠળ ગુજરાત રાજયના ગુડઝ વાહનોની પરમીટ અન્ય રાજયમાં કાઉન્ટર સહી કરવા ભલામણ પત્ર લખી આપવા તેમજ અન્ય રાજયનાં ગુડઝ વાહનોને ગુજરાત રાજયમાં પરમીટ કાઉન્ટર સહી કરી આપવાની કામગીરી વાહન વ્યવહાર કમિશ્નર કચેરી, ગાંધીનગર ખાતે કરવામાં આવે છે. તા.૧-૪-૨૦૧૧ થી આ કામગીરી પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ખાતે કરવામાં આવશે. પર રાજયના અરજદારોની સરળતા માટે તેઓના ગૃહ રાજયની નજીક પડતા ગુજરાત રાજયના જીલ્લામાં આ કામગીરી કરી શકાશે. રાજયવાર કચેરીઓની વિગત નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧ | ગુજરાત રાજયના ગુડઝ વાહન માલીકોની પરમીટ પરરારાજયમાં કાઉન્ટર સહી કરવા ભલામણ પત્ર લખી આપવો. | રાજયની તમામ આરટીઓ કચેરીઓ |
| ૨ | રાજસ્થાન રાજયમાંથી આવતાં અરજદારો (અમર્યાદિત કવોટા) | આરટીઓ પાલનપુર ખાતેથી પરમીટ કાઉન્ટર સાઈન અંગેની કામગીરી કરશે. |
| ૩ | મધ્યપ્રદેશ રાજયમાંથી આવતા અરજદારો (૬૦૦ પરમીટનો કવોટા) | આરટીઓ ગોધરા ખાતે જઈને પરમીટ કાઉન્ટર સાઈન અંગેની કામગીરી કરશે. |
| ૪ | મહારાષ્ટ્ર રાજયમાંથી આવતા અરજદારો (૫૦૦૦ પરમીટનો કવોટા) | આરટીઓ વલસાડ ખાતેથી પરમીટ કાઉન્ટર સાઈન અંગેની કામગીરી કરશે. |

આ કામગીરી કરવા માટેની નિયમોની જોગવાઈ, નોંધના નમૂના અનુક્રમે પરિશિષ્ટ-૫,૬,૭ અને ૮ થી સામેલ છે.

૨. ઉકત કાર્યવાહી સંબંધમાં રેકર્ડ રાખવા માટેનો નમૂનો તથા રાઉન્ડ સ્ટેમ્પનો નમૂનો અનુક્રમે પરિશિષ્ટ-૯ અને ૧૦ માં સામેલ રાખેલ છે.

ઉકત સુચનાઓનો અમલ તા.૧-૪-૨૦૧૧ થી કરવાનો રહેશે.

નોંધ ઉપર માન.કમિશ્નરશ્રીની મંજુરી મુજબ.

સંયુકત વાહન વ્યવહાર નિયામક
ગુજરાત રાજય,ગાંધીનગર.

નકલ રવાના :-પ્ર તિ,

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ૨, સરદાર પટેલ પટેલ, નવા સચિવાલય, ગાંધીનગરને જાણ સારુ.

(૨) તમામ પ્રાદેશિક/સહાયક વાહન વ્યવહાર અધિકારીશ્રીઓને જાણ તથા અમલ સારુ.

(૩) તમામ ચેકપોસ્ટ ઈન્ચાર્જશ્રીઓ- જાણ તથા અમલ સારુ.

(૪) પરમીટ શાખા, વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર- જાણ તથા અમલ સારુ.

:પુરબિયા:૧:૧૫૪-૧૫૬:

# પરિશિષ્ટ-૧
## બાબત નં.૯.
## રાજય પરિવહન સત્તામંડળની અમુક સત્તાઓ આરટીઓનેસોંપવા બાબતનો ઠરાવ.

૧. **આમુખ.**

સત્તામંડળે અવલોકન કર્યુ કે, મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની કલમ-૬૮ થી રાજય પરિવહન સત્તામંડળ (એસટીએ) અને સ્થાનિક પરિવહન સત્તામંડળ (આરટીએ) અને સ્થાનિક પરિવહન સત્તામંડળ (આરટીએ) ની રચના કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ સત્તામંડળોની કાર્યરીતીનાં નિયમો ગુજરાત મોટર વ્હીકલ્સ રુલ્સ ૧૯૮૯ ના નિયમ -૬૨, ૬૩ અને ૬૪ માં કરવામાં કરવામાં આવેલ છે. નિયમ-૬૫ માં એસટીએનાં તથા નિયમ-૬૬ માં સ્થાનિક પરિવહન સત્તામંડળની અમુક સત્તાઓનું ડેલીગેશન કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૨. સત્તામંડળે અવલોકન કર્યુ કે, નિયમોની પરિસ્થિતિનું નીચે પ્રમાણે અવલોકન કર્યુ.

:એ: ગુજરાત મોટર વ્હીકલ્સ રુલ્સ, ૧૯૮૯ નાં નિયમ-૬૫ (૧) માં જણાવ્યા પ્રમાણે રાજય પરિવહન સત્તામંડળની સત્તાઓ કમિશ્નર ઓફ ટ્રાન્સપોર્ટ, ડીરેકટર ઓફ ટ્રાન્સપોર્ટ કે જોઈન્ટ ડીરેકટર ઓફ ટ્રાન્સપોર્ટ કે ડેપ્યુટી ડીરેકટર ઓફ ટ્રાન્સપોર્ટ સુધી ડેલીગેટ કરવાની જોગવાઈ છે. આ સત્તા રાજય પરિવહન સત્તામંડળનાં ખાસ અથવા તો સામાન્ય ઠરાવથી ડેલીગેટ કરી શકાય છે. આ નિયમમાં કઈ કઈ સત્તાઓ ડેલીગેટ થઈ શકે તેનું પણ વિવરણ કરવામાં આવ્યું છે. આ સત્તાઓની યાદી નીચે મુજબ આપવામાં આવી છે.

:૧: ટુરીસ્ટ વ્હીકલની પરમીટ સંદર્ભમાં કલમ-૮૮(૯) અન્વયે પરમીટ મંજુર કરવી, ફેરફાર કરવો, ફી વસુલ કરવી અને કલમ-૮૮ (૧૧) અન્વયે પરમીટ શરતોમાં ફેરફાર કરવો.

:૨: કલમ-૮૮ અન્વયે અન્ય રાજયની પરમીટ કાઉન્ટર સહી કરવી અથવા મંજુર થયેલ કાઉન્ટર સાઈન પરમીટ રીપ્લેશ કરવી અને શરતોમાં ફેરફાર કરવો.

:૩: કલોઝ(૧) માં જણાવ્યા પ્રમાણે રીન્યુઅલ માટેની પરમીટ અથવા કાઉન્ટર સાઈન અરજી રીન્યુ કે રીજેકટ કરવી

:૪: કલમ-૮૬ હેઠળ પરમીટ અથવા કાઉન્ટર સાઈન સસ્પેન્ડ કરવી અથવા કલમ-૮૬(૫) અથવા કલમ-૮૬(૭) હેઠળ કલમ-૮૬(૪) ની જોગવાઈને આધિન માંડવાળ ફી વસુલવી .

:૫: કલમ-૮૩ હેઠળ સરખા પ્રકારના વાહનની પરમીટ તેના જેવા સરખા પ્રકારના વાહનમાં રીપ્લેશ કરવી.

:૬: કલમ-૨૧૪ હેઠળ મુળ ઓથોરીટીનાં હુકમ સામે અપીલ કે રીવીઝન અરજી કરવામાં આવી હોય તેમાં સ્ટે આપવો.

:૭: કલમ ૮૭ હેઠળ ટેમ્પરરી પરમીટ અને અથવા ૮૮(૮) હેઠળ સ્પેશયલ પરમીટ મંજુર કરવી કે રીફયુઝ કરવી અને શરતોમાં ફેરફાર કરવો.

:૮: નિયમ-૧૦૭ હેઠળ અપીલનો નિર્ણય કરવાના સારુ.

:૯: નિયમ-૮૨ હેઠળ સરનામા ફેરફારની નોંધણી કરવાની સત્તા.

૩. આ સત્તા હેઠળ રાજય પરિવહન સત્તામંડળની (પ્રથમ બેઠક ) તા.૨૨-૨-૮૯ નાં રોજની બેઠક ના ઠરાવથી આ સત્તામંડળની ઉપર જણાવેલી સત્તાઓ વાહન વ્યવહાર કમિશ્નરશ્રી, સંયુકત વાહન વ્યવહાર નિયામકશ્રી, નાયબ વાહન વ્યવહાર નિયામકશ્રીને સોંપવામાં આવેલ છે. આ ઠરાવની નકલનું સત્તામંડળે એજન્ડાના એનેક્ષ્ચર-ડી પર અવલોકન કર્યુ. આ ઠરાવમાં નીચેના કારણોસર સુધારો કરવાની જરુરીયાત ઉભી થઇ છે.

:એ: ગુજરાત મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ ના નિયમ-૬૫ (૧) અન્વયે કમિશ્નર ઓફ ટ્રાન્સપોર્ટ અથવા ડાયરેકટર ઓફ ઓફ ટ્રાન્સપોર્ટ કે સંયુકત વાહન વ્યવહાર નિયામક કે ડેપ્યુટી ડાયરેકટર ઓફ ટ્રાન્સપોર્ટને સત્તા ની જોગવાઇ છે. આ અધિકારીઓ મોટર વાહન ડીપાર્ટમેન્ટના અધિકારીઓ છે. હાલમાં આ વિભાગમાં સ્ટાફ પુરતો નથી. તે સંજોગોમાં આ ખાતામાં ફરજ બજાવતા અન્ય અધિકારીઓને આપી શકાય તો આ નિયમનો હેતુ સારી રીતે પાર પડે.

:બી: ઓલ ઇન્ડીયા પરમીટ મેળવવા કે અન્ય રાજયની પરમીટ કાઉન્ટર સાઇન માટે અરજદારોને ખુબજ દુરના સ્થળેથી ગાંધીનગર ખાતેની વડી કચેરીમાં આવવું પડે છે, જો આ કામગીરી જે તે જીલ્લામાં કરવામાં આવે તો અરજદારો સહેલાઇથી પોતાનું કરાવી શકશે અને દુર સુધી ધકકા ખાવાની જરુર પડશે નહીં. અગાઉ ગુડઝ વાહનોમાં નેશનલ પરમીટ આ કચેરીએથી આપવામાં આવતી જેની સત્તાનું વિકેન્દ્રીકરણ કરી જે તે આરટીઓ/ એઆરટીઓમાં આપવામાં આવતાં અરજદારોને ખુબ રાહત થયેલ.

:સી: નિયમ-(૬૫) (૧) પ્રમાણે રાજય પરિવહન સત્તા મંડળની સત્તા ડેપ્યુટી ડાયરેકટર ઓફ ટ્રાન્સપોર્ટ સુધી સોંપી શકાય છે. સત્તામંડળે એજન્ડા સાથેના એનેક્ષ્ચર-ઇ પર ગુજરાત સરકારના તા.૮-૬-૧૯૭૩ ના ઠરાવનું અવલોકન કર્યુ. આ ઠરાવ મુજબ નાયબ નિયામકની જગ્યા અને પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની જગ્યા રીક્રુટમેન્ટના હેતુ માટે સમાન છે. બંને જગ્યાનું પગાર ધોરણ પણ સરખુ છે. આમ બંને સરખા સ્તરના અધિકારીઓ છે. આ સંજોગોમાં રાજય પરિવહન સત્તામંડળની અમુક સત્તાઓ જાહેરહિતમાં અને વહીવટી અનુકુળતાના હેતુ માટે ડીમ્ડ ડેપ્યુટી ડીરેકટર ઓફ ટ્રાન્સપોર્ટતરીકે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીને સોંપવામાં વાંધા સરખુ જણાતું નથી. સત્તામંડળે અવલોકન કર્યુ કે, આ રીતે સત્તા સોંપણી કરવાની રાજય પરિવહન સત્તા મંડળની સત્તાનું તથા આ સત્તા મંડળે સોંપેલી સત્તાને કારણે વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીમાં થતી કેટલીક કામગીરીઓનું વિકેન્દ્રીકરણ થશે. પરિણામે અરજદારોને તેઓના રીજીયનમાંજ ઝડપથી કામગીરી કરવાની સવલત સાંપડશે.

:ડી: સત્તામંડળે અવલોકન કર્યુ કે, હાલમાં સત્તામંડળના તા. તા.૨૨-૨-૮૯ ના ઠરાવમા કમિશ્નર ઓફ ટ્રાન્સપોર્ટ, ડીરેકટર ઓફ ટ્રાન્સપોર્ટ કે જોઇન્ટ ડીરેકટર ઓફ ટ્રાન્સપોર્ટ કે ડેપ્યુટી ડીરેકટર ઓફ ટ્રાન્સપોર્ટ સુધી ડેલીગેટ કરવામાં આવેલ છે. આ જોગવાઇમાં સ્પષ્ટતાના હેતુ માટે નિયમ-૬૫ (૧) માં ઉલ્લેખીત કલમ-૮૮ હેઠળની કાઉન્ટર સહીઓ તેમજ ઓલઇન્ડીયા ટુરીસ્ટ પરમીટ સંબંધી સત્તાઓની સોંપણીના હેતુ માટે વાહન વ્યવહાર કમિશ્નર નકકી કરે તે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, ડીમ્ડ નાયબ વાહન વ્યવહાર નિયામક તરીકેની ફરજો બજાવે છે તેમ ગણાશે. શબ્દો મુકવાની જરુર જણાય છે. જો કે અત્રે સ્પષ્ટતા જરુરી છે કે, આ ઠરાવ થયા બાદ, આ કામગીરીઓ આરટીઓ સ્તરે સરળતાથી થાય તે માટે જરુરી સુચનાઓ આપવા, તાલીમ આપવા તેમજ જરુર જણાયે આ સત્તાઓનો ઉપયોગ કઇ તારીખથી શરુ કરવો તે નકકી કરવા વાહન વ્યવહાર કમિશ્નરશ્રીને સત્તા આપવાનું સત્તામંડળ ઠરાવે છે.

૬. ઉકત વિગતોએ કાળજી પુર્વકની પુખ્ત વિચારણા કરી, જાહેરહિત અને વહીવટી અનુકુળતા લક્ષમાં રાખી, ગુજરાત મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ ના નિયમો ૬૫ માં મળેલી સત્તાની રુએ રાજય પરિવહન સત્તામંડળના તા.૨૨-૨-૮૯ ના ઠરાવમાં નીચે મુજબના ફેરફાર કરવાનું ઠરાવવામાં આવે છે.

| હાલની પરિસ્થિતિ | સૂચિત સુધારો |
|---|---|
| કમિશ્નર ઓફ ટ્રાન્સપોર્ટ અથવા ડાયરેકટર ઓફ ટ્રાન્સપોર્ટ સંયુકત વાહન વ્યવહાર નિયામક કે ડેપ્યુટી ડાયરેકટર ઓફ ટ્રાન્સપોર્ટને સત્તા છે. | આ જોગવાઈમાં સ્પષ્ટતાના હેતુ માટે નિયમ-૬૫ (૧) માં ઉલ્લેખીત કલમ-૮૮ હેઠળની કાઉન્ટર સહીઓ તેમજ ઓલઈન્ડીયા ટુરીસ્ટ પરમીટ સંબંધી સત્તાઓની સોંપણીના હેતુ માટે વાહન વ્યવહાર કમિશ્નર નકકી કરે તે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, ડીમ્ડ નાયબ વાહન વ્યવહાર નિયામક તરીકેની ફરજો બજાવે છે તેમ ગણાશે. શબ્દો મુકવા. |

આમ, સત્તામંડળની આ ૪૮ બેઠકમાં રજુ થયેલ બાબતો પરત્વે પ્રવર્તમાન કાયદા, નિયમો, રાજય સરકારની મહેસુલી આવક, માર્ગ સલામતી, એસટીએની વખતો વખતની બેઠકોમાં લેવાયેલા નિર્ણયો, એસટીએના સ્થાયી ધોરણો લક્ષમાં લઈ જાહેરહિતમાં ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા.

કાર્યવાહી પુર્ણ થતાં માન. અધ્યક્ષશ્રીએ બેઠક પુર્ણ થયાનું જાહેર કર્યુ.

સહી/-
(જ..પ્ર.ગુપ્તા)
સભ્ય સચિવ અને વાહનવ્યવહાર કમિશ્નર
ગુજરાત રાજય, ગાંધીનગર.

સહી/-
(બી.કે.સિંહા)
અધ્યક્ષ
રાજય વાહનવ્યવહાર સત્તામંડળ અને
અધિક મુખ્ય સચિવ,
બંદરો અને વાહનવ્યવહાર વિભાગ
ગુજરાત રાજય, ગાંધીનગર.

(સ્થળપ્રતે અધ્યક્ષશ્રી તેમજ સભ્ય સચિવશ્રીની સહી છે. )

## પરિશિષ્ટ-૨.

## ઓલ ઈન્ડીયા પરમીટ મેળવવા માટેની પધ્ધતિ.

### (૧) અરજી.

ટેક્ષી, મેક્ષી, લકઝરી બસ તથા સ્લીપર કોચોની ઓલ ઈન્ડીયા પરમીટ મેળવવા તથા પ્રતિ વર્ષ ઓથોરાઈઝેશન મેળવવા માટે અનુક્રમે કેન્દ્રીય મોટર વાહન નિયમો,૧૯૮૯ માં ઠરાવેલા ફોર્મ નં.૪૫ તથા ફોર્મ નં.૪૬ માં રૂ.૧૦/- નો કોર્ટ ફી સ્ટેમ્પ લગાવી ને અરજી કરવાની રહેશે. વાહન જયાં નોંધાયેલ હોય તે રીજીયનની પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરીમાં અરજી કરવાની રહેશે.

### (૨) ફી.

| બાબત | ફી |
|---|---|
| પરમીટ ઈસ્યુ અથવા રીન્યુ કરાવવા બાબત | રૂ.૩૫૦-૦૦ |
| પ્રતિવર્ષ ઓથોરાઈઝેશન મેળીવવા બાબત | રૂ.૫૦૦-૦૦ |

ઠરાવેલ બેન્કની ચલણથી ફી શાખામાં જમા કરાવી, ચલણની એક નકલ અરજી ફોર્મ સાથે રજુ કરવાની રહેશે.

### (૩) અરજી સાથેનાં બિડાણો.

:૧: વાહનની રજીસ્ટ્રેશન બુક.
:૨: વાહનનો અમલી વિમો.
:૩: વાહનનો લે આઉટ પ્લાન.
:૪: અમલી પી.યુ.સી.
:૫: અમલી ફીટનેશ સર્ટીફીકેટ.
:૬: વેરો બાકી નથી તેમજ ડી.એ.કેસ પેન્ડીંગ નથી તે રીમાર્કસ.
:૭: ઓલ ઈન્ડીયા ટુરીસ્ટ પરમીટ અંગેનું કલર સર્ટીફીકેટ.
:૮: ગુજરાત રાજયની કોન્ટ્રેક્ટ કેરેજ પરમીટની નકલ (અસલ સાથે રાખવી)

### (૪) અન્ય સુચના.

:એ: ગુજરાત મોટર વાહન રૂલ્સ,૧૯૮૯ નાં નિયમ-૬૫ મુજબ ટુરીસ્ટ પરમીટ આપવાની સત્તા વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીમાં હતી તેમાં સુધારો થતાં હવેથી સંબંધીત કચેરીમાં આ કામગીરી કરવાની રહેશે.

:બી: અન્ય રાજયનો ટેક્ષ જે તે રાજયની બોર્ડર ઉપર ભરવાની શરતે આ પરમીટ આપવામાં આવશે. આ બાબતે બાંહેધરી આપવા વાહનનાં માલિકે નોટરાઈઝડ એફીડેવીટ રજુ કરવાનું રહેશે.

:સી: કેન્દ્રીય મોટર વાહન નિયમો,૧૯૮૯ નાં નિયમ-૮૨ થી નિયમ-૮૫ (એ) માં પેસેન્જર વાહનને ટુરીસ્ટ પરમીટ આપવાની જોગવાઈઓ કરવામાં આવેલ છે. આ જોગવાઈઓમાં નિયમ-૮૫ માં ટુરીસ્ટ પરમીટની વધારાની શરતો આપેલ છે. તેનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

## પરિશિષ્ટ-૩.

વિષયઃ- ટુરીસ્ટ વ્હીકલ્સ પરમીટ ઈસ્યુ / રીન્યુ કરવા બાબત.
(ટુરીસ્ટ ટેક્ષીકેબ /પેસેન્જર બસ/સ્લીપરકોચ)

**સાદર રજુઆત.**

અરજદારશ્રી------------------------------------------ની તારીખ-------------------- ની નમુના-૪૫ માં અરજી "અ" ઉપર વંચાણે લેવા વિનંતી.

આ કચેરીના તા--------------ના પત્ર ક્રમાંક-પરમીટ-ટુરીસ્ટ પરમીટ-જા.ક્ર------------- અન્વયે ટેક્ષીકેબ/ પેસેન્જર બસની ટુરીસ્ટ વ્હીકલ્સ પરમીટ મંજુરીના દસ્તાવેજો તથા સહાયક/પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી-------------------એ કાઢી આપેલ ટુરીસ્ટ વ્હીકલ્સ અંગેનું જરુરી પ્રમાણપત્ર રજુ કરી સદર વાહન માટે ટેક્ષીકેબ પેસેન્જર બસ વાહન માટે ટુરીસ્ટ પરમીટ આપવા વિનંતી કરેલ છે.

સદર વાહન નંબર------------------------ની આરસી બુક તથા તેની સાથે રજુ કરેલ દસ્તાવેજો તપાસતા નીચે જણાવ્યા પ્રમાણેની વિગતો જણાય છે.

૧. અગાઉ મેળવેલ પરમીટની વિગત------------------------------------------------------
૨. બનાવટ------------------------------------------------------------------------
૩. મોડેલ-------------------------------------------------------------------------
૪. રજીસ્ટ્રેશન તારીખ-----------------------------------------------------------------
૫. ચેસીસ નંબર-------------------------------------------------------------------
૬. એન્જીન નંબર------------------------------------------------------------------
૭. યુ.ડબલ્યુ---------------------------------------------------------------------
૮. જી.વી.ડબલ્યુ-------------------------------------------------------------------
૯. વિમો------------------------------------------------------------------------
૧૦. ફીટનેશ-----------------------------------------------------------------------
૧૧. બળતણ------------------------------------------------------------------------
૧૨. મોટર વાહન કર-------------------------------------------------------------------
૧૩. બેઠક સંખ્યા---------------------------------------------------------------------
૧૪. એચ.પી.એ.----------------------------------------------------------------------
૧૫. કલરસર્ટી રજુ કરેલ છે.
૧૬. લે આઉટ પ્લાન રજુ કરેલ છે.

ઉપરોકત હકીકતને ધ્યાનમાં લઈ અનુમતી હોય તો એસ.ટી.એ.ની ૪૮ મી મીટીંગની બાબત નં.૯ ના આધારે મળેલ સત્તાની રૂએ. સદર વાહનને આ નોંધ પર આદેશ આપ્યા તારીખથી પાંચ વર્ષની મુદત માટે ટુરીસ્ટ પરમીટ ઈસ્યુ કરીએ.

અરજદારે ઓથોરાઈઝેશન ફી રુ.૫૦૦/- તથા પરમીટ ફી રુ.૩૫૦/-SBI **G.N.C.No.** -----------------તારીખ-----------------થી ભરેલ છે. ગુજરાત રાજયનો મોટર વાહન કર બાકી નથી.

સી.કલાર્ક.    હેડકલાર્ક.    આરટીઓશ્રી.

## પરિશિષ્ટ-૪.

વિષય:-ઓથોરાઈઝેશન નંબર- ટીવી/ટી-----------------------
મેળવવા બાબત.

**સાદર રજુઆત.**

શ્રી-----------------------------------------તારીખ--------------------ની અરજી ધ્વજ "અ" ઉપર વંચાણે લેવા સાદર. અરજદારે ટુરીસ્ટ અમલી દસ્તાવેજો નીચે જણાવ્યા મુજબ રજુ કરેલ છે.

(૧) ટુરીસ્ટ પરમીટ નં.ટીવી/ટી------------------તારીખ-----------------સુધી અમલી ધરાવે છે.

(૨) ઓથોરાઈઝેશન તારીખ-------------------ના રોજ પુરુ થયેલ છે. ફી રુ.૫૦૦/- તા-------------------ના રોજ ભરપાઈ કરેલ છે. રસીદ નંબર-

(૩) મોટર વાહન નંબર-----------------------------ઉપર આરટીઓ/એઆરટીઓ---------------------કચેરીમાં કોઈ ખાતાકીય કેસો પડતરમાં છે / નથી-----------------------નો ડી.એ.સર્ટી. રજુ કરેલ છે.

(૪) મોટર વાહન નંબર-------------------------મોડલ ------------------છે. પરમીટ આઠ/નવ વર્ષ સુધી અમલી છે.

(૫) વિમો તારીખ-----------------------------------સુધી અમલી છે.

(૬) મોટર વાહન કર તારીખ---------------------- સુધી અમલી છે.

(૭) મોટર વાહન કર તારીખ-----------------------સુધી ભરપાઈ કરેલ છે.

ઉપરોકત હકીકત વંચાણે લઈ એસટીએની ૪૮ મી બેઠકના ઠરાવ નં.૯ અનુસાર અરજદારને ઓથોરાઈઝેશન નંબર ટીવી/ટી----------- તારીખ----------------થી તારીખ-----------------સુધી ઈસ્યુ કરીએ.

પરમીટ/ઓથોરાઈઝેશન સમયસર રીન્યુ કરવા અરજી કરેલ ના હોઈ કલમ-૧૭૭ હેઠળ દંડ રુ.----------------વસુલ કરી ઓથોરાઈઝેશન એક વર્ષ માટે આપીએ.

આદેશ અર્થે સાદર.

સી.કલાર્ક. હેડકલાર્ક. આરટીઓશ્રી.

# <u>પરિશિષ્ટ-૫.</u>

## <u>પર રાજયનાં સી.એસ.અંગેનાં ભલામણ પત્ર માટેની કાર્યપધ્ધતિ.</u>

(૧) <u>અરજી.</u>

અરજદારે ગુજરાત રાજયમાંથી મેળવેલ ગુડઝ વાહનોની પરમીટ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તથા રાજસ્થાન રાજયમાં પ્રતિસહી કરાવવા માટે કોરા કાગળ પર સંબંધીત આરટીઓ કચેરીમાં અરજી કરવાની રહેશે. આ કાર્યવાહીમાં ફી લેવાની થતી નથી.

(૨) <u>અરજી સાથેનાં બિડાણો.</u>

:૧: વાહનની રજીસ્ટ્રેશન બુક.

:૨: વાહનનો અમલી વીમો.

:૩: અમલી પી.યુ.સી.

:૪: અમલી ફીટનેશ સર્ટીફીકેટ.

:૫: ડી.એ.શાખાની કેસ બાબતની રિમાર્કસ.

(૩) ત્યારબાદ દસ્તાવેજો તપાસી, નોંધ મુકી પ્રા.વા.વ્ય.અધિકારીશ્રીની મંજુરી મેળવી ભલામણ પત્ર આપવાનો રહેશે.

# Appendix -6

NO.RTO/CS/PERMIT

Name & Address
of the Office

To,
The Secretary,
State Transport Authority
Administrative Bldg.,3&4th Floor,
Near Dr. Ambedkar Udhyan,
Government Colony, Bandara (East)
Mumbai-400061.

**Sub: Recommendation for grant/renewal of countersignature in respect of M.V No..........**

Sir,

With reference of the above I have to inform you that the above said M.V. covered under P.Pu.C. No. ______________ has been countersigned you under counter signature No. MRGU-____________ Valid up to ______________.

The permit holder has applied for renewal of primary permit in time. The Regional Transport Officer, ___________ has therefore, renewed /permit No. ______________ valid upto ________.

You are, therefore requested to renew the counter signature upto the valid of the permit.

I am, therefore, to request you to countersign the new permit in lieu of counter signature No. ______________.

The permit holder has been requested to produce all necessary document before you within 60 days from the date of this letter.

Yours faithfully,

Regional Transport Officer
(As per resolution No.09 of 48th meeting of STA)

Copy to:-
(1) Shri ______________________________
With reference to his application and he is requested to produce all the necessary documents before ..............................within 60 days from the date of this letter.
(2) Office of the Commissioner of Transport, Block No.6, 2rd floor, Dr. Jivraj Mehta Bhavan, Old Sachivalaya, Gujarat State, Gandhinagar.

## પરિશિષ્ટ-૭.

## પરમીટ કાઉન્ટર સાઈન કરવા માટેની પધ્ધતિ.

### (૧) અરજી.

અન્ય રાજયમાંથી આવતાં ગુડઝ વાહનો જયારે ગુજરાત રાજયમાં પ્રવેશે ત્યારે ગૃહરાજયની કાઉન્ટર સીગ્નેચર પરમીટ મેળવવા માટે ફોર્મ નં.પીસીએસએ માં વિગતો ભરીને રૂ.૧૦/- નો કોર્ટ ફી સ્ટેમ્પ લગાવીને નીચે જણાવ્યા પ્રમાણેની કચેરીમાં અરજી કરવાની રહેશે. તથા ગુજરાત રાજયનો વાર્ષિક રૂ.૫૫૦૦/- લેખે બી.એમ.વી.કર ભરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | રાજસ્થાન રાજયના અરજદારો માટે (અમર્યાદીત ક્વોટા) | આરટીઓ પાલનપુર ખાતે અરજી કરવાની રહેશે. |
| ૨ | મધ્યપ્રદેશ રાજયના અરજદારો માટે (૬૦૦ પરમીટનો ક્વોટા) | આરટીઓ ગોધરા ખાતે અરજી કરવાની રહેશે. |
| ૩ | મહારાષ્ટ્ર રાજયના અરજદારો માટે (૫૦૦૦ પરમીટનો ક્વોટા) | આરટીઓ વલસાડ ખાતે અરજી કરવાની રહેશે. |

### (૨) ફી.

| ૧ | બાબત | ફી |
|---|---|---|
| ૨ | પરમીટ કાઉન્ટર સાઈન અથવા રીન્યુ કરાવવા બાબત | રૂ.૩૫૦-૦૦ |
| ૩ | પ્રતિવર્ષ ઓથોરાઈઝેશન કરાવવા બાબત.<br>નિયમ-૮૩ (૧) અને ૮૭ (૧) | રૂ.૫૦૦-૦૦ |

સદર ફી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા અથવા બેન્ક ઓફ બરોડાની શાખામાં ચલણથી જમા કરાવી ચલણની એક નકલ અરજી ફોર્મ સાથે રજુ કરવાનું રહેશે.

### (૩) અરજી સાથેના બીડાણો.

:૧: વાહનની રજીસ્ટ્રેશન બુક.

:૨: વાહનનો અમલી વિમો.

:૩: અમલી પી.યુ.સી.

:૪: અમલી ફીટનેશ સર્ટીફીકેટ.

:૫: સંબંધીત સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઓથોરીટીનો ભલામણ પત્ર (બે નકલમાં)

:૬: પી.પી.યુ.સી. પરમીટ.

:૭: ગુજરાત રાજયની સી.એસ.ફી તથા બી.એમ.વી.કર (વાર્ષિક દરે) બેંકમાં ભર્યાના ચલણની પ્રત.

:પુરબિયા:૧:૧૫૩:

## Appendix -8

Sub: Fresh C/S Permit

C/S ..............
Valid Up to ............

**Submitted**

Shri ..........................................Owner/representative has applied for countersignature for Gujarat State in respect of Goods vehicle permit No. .................................. Govt. M.V No...................................held by him.

His application has been recommended by the Secretary State Transport Authority /under letter No. ...................................Dt..................

The application complies with the following requirements

1. The application in Form P.Pu.CA, bearing a court fee stamp of Rs. 10/- and paid Rs......./- as C/S fee vide S.B.I G.No....... ...... C.No........dt...........
2. Permit Parts 'a' and 'b' have been produced valid up to ........
3. Owner's name and address as per RC book/TC book.

   Pay load of M.V No............. is under RLW ........
   U.W .........

   Therefore rate of Tax comes to Rs. .......
4. Out of the total quota of ........... vehicles, the total No. of vehicles countersigned till today is .......... leaving balance of ......... vehicle .......... to be countersigned.
5. The above permit is recommended in lieu of M.V No............. Covered under P.Pu.C No. ..................... And Countersignature No.............. valid up to ..............

As the power conferred by Resolution No.9 of the 48th meeting of STA permit may be countersigned as recommended by the S.T.A,.......... State..

Tax Rs.......... for the period from .......... To ...............in respect of M.V No. ........... recovered.

For order please.

Sr.Clerk H.Clerk R.T.O

# પરિશિષ્ટ-૯.

## ગુડઝ વાહનની સી.એસ. તથા ઓલ ઈન્ડીયા ટુરીસ્ટનો રેકર્ડ રાખવાની પધ્ધતિ.

દરેક આરટીઓ કચેરીમાં કાઉન્ટર સીગ્નેચર પરમીટ તથા ઓલ ઈન્ડીયા ટુરીસ્ટ પરમીટનો રેકર્ડ કોમ્પ્યુટરાઈઝ રીતે નીચે મુજબના નમૂનામાં નિભાવવાનો રહેશે. બંને રેકર્ડ અલગથી નિભાવવાના રહેશે.

| ક્રમ | વાહન માલીકનું નામ સરનામું | રજીસ્ટ્રેશનની તમામ વિગતો | પરમીટની વેલીડીટી | રીન્યુઅલ/રીપ્લેશમેન્ટની વિગત. | ફી ભર્યાની રસીદ નંબર અને તારીખ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

આ પત્રકના નમૂનામાં અત્રેની કચેરીએ માસાંતે માહિતી મોકલવાની રહેશે.